શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેકટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેકસ: ૨૩૨૩૨૪૩૬, E-mail: qecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. : 1800 233 7965

ક્રમાક : એસએસએ/ટી.ટી./પુ.ખ.ગ્રા/૧૩/ ૨૯૨૧–૨૯૫૦ તા.૧૭.૦૧.૧૩

**તાત્કાલિક/અગત્યનું**

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન, જિલ્લો : તમામ
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

વિષય : શાળાકક્ષાએ લાયબ્રેરીને વધુ સમૃધ્ધ બનાવવા માટે એસએમસી(SMC)ને જિલ્લાકક્ષાએથી ફાળવેલ ગ્રાન્ટમાંથી પુસ્તકોની ખરીદી કરવા અંગે.
સંદર્ભ : આ કચેરીનો પત્રક્રમાંક : એસએસએ/હસબ/૬૦૬૦૧–૬૩૨ તા.૨૬.૧૨.૧૨

ઉપર્યુકત વિષયના સંદર્ભિતપત્રથી શાળાકક્ષાએ લાયબ્રેરીને વધુ સમૃધ્ધ બનાવવા માટે જિલ્લાકક્ષાએથી રાજયની તમામ એસએમસી(SMC)ને RTGS ધ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

રાજયની અપર પ્રાયમરી શાળાને રૂા.૧૦,૦૦૦/– અને પ્રાયમરી શાળાને રૂા.૩૦૦૦/– પ્રમાણે જે તે શાળામાં સેકશન અનુસાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેની વિગતવાર માર્ગદર્શક સુચનાઓ(માર્ગદર્શિકા)રાજયકક્ષાએથી મોકલવામાં આવનાર છે. તે નજરે, હાલમાં સંદર્ભ પત્રના અનુસંધાને SMC (શાળા)ને ફાળવેલ ગ્રાન્ટ અંતર્ગત કોઈ ખરીદી કરવાની થતી નથી.

**સદર ગ્રાન્ટ અંગેની ગાઈડલાઈન(માર્ગદર્શિકા)રાજયકક્ષાએથી મળ્યાબાદ જ તેમાં દર્શા**વેલ સુચનાઓ અનુસાર આગળ ઉપરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે તે મુજબની સુચના આજે જ તમામ શાળાકક્ષાએ બીઆરસી/સીઆરસી મારફતે પહોંચતી કરવા જણાવવામાં આવે છે.

અત્રેની ગાઈડલાઈન પ્રસિધ્ધ થતાં પહેલાની કોઈપણ ખરીદ પ્રક્રિયાને માન્ય ગણવામાં આવશે નહી તથા આમ, બનવા પામેલ જણાશે તો તે અન્વયે સંબંધિત મુખ્ય શિક્ષક, સંબંધિત સીઆરસી/બીઆરસી કો.ઓર્ડિનેટર અને જિલ્લાની જવાબદારી નકકી કરવામાં આવશે.

ઉપરાંત સંદર્ભદર્શિત અત્રેની હિસાબી શાખાના પત્રથી આપવામાં આવેલ તમામ નાણાંકીય અને અન્ય વહીવટી સુચનાઓનો પણ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ બાબતે ચુક થયેથી સંબંધિતની જવાબદારી નકકી કરવામાં આવશે.

(જે.એલ.દાસા)
ઓફિસર ઈન્ચાર્જ ટીચર્સ ટ્રેનીંગ
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર

નકલ રવાના ઘટિત કાર્યવાહી સારૂ : બીઆરસી કો.ઓર્ડિનેટર તમામ.

D/2013-LIBRARY GRANT LATTER

http://teachersvadodara.yolasite.com/ Ankit Shah